**નવોદય વિદ્યાલય સમિતિ**

**પૂણે સંભાગ**

**સામયિક લેખિત કસોટી- 2**

**વર્ષ - (2024-25)**

**ધોરણ : 10 (દ્વિતીય ભાષા)** **કુલ ગુણ : 40**

**વિષય : ગુજરાતી** **સમય : 90 મિનિટ**

---

**સામાન્ય સૂચના :**

**1.આ પ્રશ્નપત્ર કુલ ચાર ભાગમાં વિભાજીત છે.**

**2. 'વિભાગ - ક' માં 1 થી 4 પ્રશ્નો છે.**

**3. 'વિભાગ - ખ' માં 1 પ્રશ્ન છે.**

**4. 'વિભાગ - ગ' માં 1 થી 2 પ્રશ્નો છે.**

**5. 'વિભાગ - ધ' માં 1 પ્રશ્ન છે.**

---

## વિભાગ : ક

**પ્ર.1 નીચે આપેલો ગધેખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. (5)**

ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી એક મતદાર મંડળના સભ્યો દ્વારા કરવામાં આવે છે. આ મતદાર મંડળ પ્રમાણસર પ્રતિનિધિત્વની પ્રણાલી પ્રમાણે એકલ સંક્રમણીય મત દ્વારા નિર્વાચીત સંસદ તથા રાજ્યની વિધાનસભાના બંને ગૃહોના સભ્ય હોય છે. અલગ અલગ રાજ્યો વચ્ચે એકરૂપતા અને સાથે એક સમગ્રતયા રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સમાનતા લાવવા માટે પ્રત્યેક મતને યોગ્ય ભારાંક આપવામાં આવે છે. કેન્દ્રની કારોબારીની શક્તિ રાષ્ટ્રપતિ પાસે છે, જેનો બંધારણને અનુરૂપ પ્રત્યક્ષ રીતે પોતે અથવા તેમની નીચેના અધિકારીઓના માધ્યમથી કરવામાં આવે છે. રાષ્ટ્રપતિ સંસદને બોલાવી શકે છે. સંબોધિત કરી શકે છે. તેનું સત્રાવસાન કરી શકે છે, જે સમયે સંસદ ચાલુ હોય તે સમયને બાદ કરતાં જે સમયે સંસદના બંને ગૃહોનું સત્ર ચાલુ ન હોય ત્યારે કોઈપણ સમયે વટહુકમ બહાર પાડી શકે છે. નાણાં અને ધન સંબંધી વિધેયકો લાવવાની ભલામણ કરે છે અને વિધેયકોને સંમતિ આપે છે. દંડ અને સજાને માફી આપી શકે છે, તેમાં ઘટાડો કરે છે, તેમાં રાહત આપે છે, તેમાં છૂટ આપે છે તથા કેટલાક મામલાઓમાં તેને મુલત્વી રાખે છે, માફ કરે છે કે રૂપાંતરિત કરે છે. એ બાબતની સંતુષ્ટી થતા કે ભારત કે ભારતના કોઈ વિસ્તાર કે કોઈ ભાગમાં અત્યંત ગંભીર કટોકટીની સ્થિતિ વ્યાપ્ત છે, જેથી દેશ પર યુદ્ધ અથવા બાહ્ય આક્રમણ કે શસ્ત્ર વિદ્રોહની સ્થિતિને લીધે દેશની સુરક્ષાને ખતરો છે તો રાષ્ટ્રપતિ કટોકટી જાહેર કરી શકે છે. કોઈ રાજ્યમાં બંધારણીય કાર્ય પ્રણાલી નિષ્ફળ જવાથી તે રાજ્યનાં કેટલાંક કે બધાં કાર્યો પોતાના હાથમાં લઈ શકે છે.

**પ્રશ્નો:**

1. પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિને ……….. દ્વારા નક્કી કરવામાં આવે છે ?

(A) એકલ સંક્રમણિય મત

(B) પ્રત્યેક મતને વધારે પ્રતિનિધિત્વ

(C) વધારે પ્રતિનિધિત્વને સમાનતાના મતમાં બદલીને

(D) નાના રાજ્યના મતોને મોટા રાજ્યોના મતોમાં હસ્તાંતરિત કરીને

2. આ ઉદાહરણમાં ઉઠાવાયેલી સમસ્યા પ્રતિબિંબિત કરે છે ?

(A) મતદાર મંડળની રચના, સંસદ તથા રાજ્ય વિધાનસભાઓના બંને સદનોના બધા સભ્યોનું હોવું જોઈએ.

(B) રાષ્ટ્રપતિને લોકો દ્વારા પ્રત્યક્ષ ચૂંટવા જોઇએ.

(C) રાષ્ટ્રપતિની ચૂંટણી એક મતદાર મંડળ દ્વારા કરવામાં આવે છે. જેની રચના સંસદના બંને ગૃહોના સભ્યો દ્વારા થાય છે.

(D) મતદાર મંડળની રચના સંસદ તથા વિધાનસભાના બંને સદનોના ચૂંટાયેલા સભ્યોથી થાય છે.

3. રાષ્ટ્રપતિ કટોકટીની જાહેરાત કરી શકે છે જ્યારે ………. ને ગંભીર ખતરો છે?

(A) ભારતની સુરક્ષા

(B) તેના જીવન અને સંપત્તિ

(C) રાજ્ય સરકારના કારોબારી સંબંધી કાર્યો

(D) ભારતના એક રાજકીય પક્ષને

4. રાષ્ટ્રપતિ ………… વટહુકમ બહાર પાડી શકે છે.

(A) કોઈપણ સમયે

(B) સંસદ ચાલુ હોય ત્યારે એક વાર

(C) જ્યારે સંસદની સંયુક્ત બેઠક ચાલી રહી હોય.

(D) જ્યારે સંસદના બંને સદનના સત્ર ચાલુ હોય એ સમય છોડીને.

5. રાષ્ટ્રપતિ કેન્દ્રની ન્યાયિક શક્તિનો ઉપયોગ કરે છે.

(A) લોકસભા બોલાવીને

(B) વીતીય વિધેયકોને સ્વીકૃતિ આપીને

(C) નાણા સંબંધક વિધેયક રજૂ કરવાની મંજૂરી આપીને

(D) ક્ષમા, છૂટ કે રાહત આપીને

**પ્ર.2 નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. (5)**

આપણે આપણા દ્રષ્ટિકોણને સુધારવાની જરૂર છે. આપણા દેશમાં કર્મચારીઓ સમયસર કામ પર આવી સાથે ઘણું જ ઓછું કામ કરવું એક સામાન્ય બાબત છે. તેમના દ્વારા ગપ્પા મારવા, ચા પીવા, પાન ખાવા અને સિગારેટ પીવાના સમયને જો ગણીએ તો આપણે સ્તબ્ધ થઈ જશું કે તેઓ વાસ્તવિક કામમાં ઘણો જ ઓછો સમય આપે છે. વહીવટી નેતૃત્વ દ્વારા કર્મચારીઓ માટે નિર્ધારિત સ્તર આ બાબતમાં પ્રશ્નો ઊભા કરે છે. મંત્રીઓને તો આપણે ભૂલી જઈએ કારણકે તેઓ રાજનીતિ અને વહીવટી કાર્યનું મિશ્રણ કરી દે છે. બાકીની નોકરશાહી શું કરે છે ? તેની નીચેનો અધિકારી વર્ગ શું કરે છે ? વહીવટી ઢાંચો મુખ્ય રૂપથી નબળો એટલા માટે રહે છે કારણ કે કર્મચારીઓ સમક્ષ કોઇ અનુકરણીય ઉદાહરણ જોવા મળતું નથી. આ ઉપરાંત તેમનો દ્રષ્ટિકોણ કામ કરવાને બદલે એ બાબત પર વધારે ભાર મૂકે છે કે તે પોતાના ઉપરી અધિકારીઓની નજરે સારા દેખાય.

**પ્રશ્નો:**

**1.** સમયનો હિસાબ માંડીએ નો અર્થ ....... ?

(A) મૂલ્યાંકન

(B) રિપોર્ટ

(C) પૂછપરછ

(D) સારાંશ

2. આપણા દેશમાં કર્મચારી .......... છે ?

(A) સમયના પાબંધ હોય છે, કોઈપણ રીતે પોતાનું કાર્ય પૂરું કરે છે.

(B) કેટલાક આળસુ હોય છે પણ સ્વભાવના સારા હોય છે.

(C) ઉચ્ચ યોગ્યતા યુક્ત હોતા નથી.

(D) સમયના પાબંધ પણ પોતાની જવાબદારી પ્રત્યે સભાન નથી.

3. આ ગદ્યખંડના કેન્દ્રીય વિચારને નીચેની રીતે ઉત્તમ રીતે વ્યક્ત કરી શકાય છે ?

(A) કર્મચારીઓએ કાર્ય પ્રતિ પોતાના દ્રષ્ટિકોણમાં પરિવર્તન લાવવું જોઇએ.

(B) કાર્ય પ્રતિ કર્મચારીઓનો દ્રષ્ટિકોણ યુક્તિ સંગત છે.

(C) કર્મચારી પોતાની કાર્ય સંસ્કૃતિમાં ક્યારેય પરિવર્તન લાવશે નહીં.

(D) નિયુક્ત કર્મચારીઓ વચ્ચે સારા સંબંધો નથી.

4. વહીવટમાં નેતૃત્વ .........

(A) કર્મચારીઓ સમક્ષ ઉત્તમ ઉદાહરણ રજૂ કરે છે.

(B) યથોચિત સ્વરૂપમાં ઉચ્ચસ્તરીય હોય છે.

(C) ઘણા ઓછા સ્તરનું હોય છે.

(D) આદર્શવાદીઓથી સંગઠિત હોય છે.

5. લેખકના મતે ભારતમાં પ્રશાસન........

(A) એકંદરે પ્રભાવશાળી છે.

(B) ન્યુનાધિક રીતે પ્રભાવશાળી છે.

(C) ઘણું જ અનુસાશનપ્રિય અને દ્રઢ છે.

(D) લાલ રીબીનગ્રસ્ત છે.

**પ્રશ્ન: 3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ શોધીને લખો. (5)**

1. કયો દેશ ઉધોગ-ધંધાની દૃષ્ટિએ આગળ વધેલો દેશ છે ?

(A) જાપાન

(B) અમેરિકા

(C) ફ્રાંસ

(D) જર્મની

2. 'જીવમાં જીવ આવ્યો' કૃતિમાં કોનાં દૂધ ભાંભરે છે ??

(A) બકરીના

(B) ઊંટના

(C) માતાના

(D) પશુના

3. પુરોહિતવાળાની એક હોટેલ કયા શહેરમાં છે?

(A) મુંબઈ

(B) માથેરાન

(C) દાર્જિલિંગ

(D) મહાબળેશ્વર

4. ભારતીય પ્રજાના શેના માટે વીરચંદ રાઘવજી ગાંધીએ કામ કર્યું ?

(A) સુખને માટે

(B) સ્વતંત્રતા માટે

(C) આત્મસન્માનને માટે

(D) ઉધ્ધારને માટે

5. જૈન સાધુ આ માણસને ત્રીજું કયું વ્રત લેવાનું કહે છે ?

(A) જુગાર નહી રમવાનું

(B) વ્યભિચાર નહીં કરવાનો

(C) ચોરી નહિ કરવાનું

(D) દારૂ નહીં પીવાનું

**પ્રશ્ન: 4 સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પો શોધીને ઉત્તર લખો. (5)**

1. નીચેના સમાનાર્થીનું કયું જોડકું ઉચિત નથી ?

(A) ગિરદી - ભીડ

(B) નિસ્બત - નાતો

(C) મક્કમતા - દ્રઢતા

(D) જણ - ભૂત

2. નીચેના સમાનાર્થીનું કયું જોડકું ઉચિત છે ?

(A) વ્યથિત - દુ:ખી

(B) નમણાં - નાનાં

(C) ઓરે - આગળ

(D) હરખ - ગુમાન

3. નીચે વિરોધી જોડકાં આપ્યા છે, તેમાં કયું જોડકું ઉચિત નથી ?

(A) કંજૂસ × ઉડાઉ

(B) ધનવાન × ગરીબ

(C) સાચી × ખોટી

(D) શાંતિ × બેશાંતિ

4. નીચે વિરોધી જોડકાં આપ્યા છે, તેમાં કયું જોડકું ઉચિત નથી ?

(A) સમજુ × અણસમજુ

(B) ઊગવું × આથમવું

(C) મોંઘું × ઉચ્ચ

(D) ગાંડો × ડાહ્યો

5. આપણા હાથમાં ઉષ્મા અને થડકો છે.- અનુગ ઓળખાવો.

(A) માં

(B) અને

(C) છે

(D) થડકો

## વિભાગ : ખ

**પ્રશ્ન: 5 સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પો શોધીને ઉત્તર લખો.** **(4)**

1. 'પૈસા બરબાદ કરવા' - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) પૈસા ફેંકી દેવા

(B) દાન કરવું

(C) છેતરવું

(D) ખોટો ખર્ચ કરવો

2. 'આંજી નાખવું' - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) પ્રભાવિત કરવું

(B) બેભાન કરવું

(C) માંજી નાખવું

(D) રાજી કરવું

3. 'ઘૂમરી લઈ વાતો પવન' - કયો શબ્દ શબ્દસમૂહ માટે એક શબ્દ નથી તે લખો.

(A) ચક્રવાત

(B) વંટોળ

(C) ડમરી

(D) તૂફાન

4. 'કારણ વગર નિંદા કરનારું' - શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(A) ઢંઢોળવું

(B) ખણખોદિયું

(C) ખોદનાર

(D) છંડાયેલું

## વિભાગ - ગ

**પ્રશ્ન : 6 નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** **(કોઈપણ ત્રણ)** **(6)**

(1) લેખક અને તેમના મિત્રોને સિક્યોરિટી ઓફિસરે શું સમજાવ્યું ?

(2) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઇ ?

(3) તાજમહેલ વિશે સર્વજ્ઞભાઈ શું કહે છે ?

(4) વીરચંદ ગાંધીના પહેરવેશનું વર્ણન કરો.

**પ્રશ્ન : 7 નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ બે) (6)**

(1) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી ?
(2) 'જીવમાં જીવ આવ્યો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.
(3) સૌંદર્ય માણવાને બદલે ખાણી-પીણીમાં રસ લેતા પ્રવાસીઓના સ્વભાવ વિશે પાઠને આધારે નોંધ લખો.

## વિભાગ - ઘ

**પ્રશ્ન : 8 નીચે આપેલા વિષય પર આશરે 120 શબ્દોમાં અનુચ્છેદ લેખન અથવા પત્રલેખન કરો. (4)**

(1) સમાજમાં કન્યા કેળવણીનું મહત્વ

મુદ્દા : પ્રસ્તાવના - કન્યા કેળવણી દ્વારા સમાજની સુધારણા - વર્તમાન યુગમાં સ્ત્રીની ભૂમિકા - સમોવડી - - ઉપસંહાર

**અથવા**

(1) મ્યુંનિસિપાલીટીના પાણી-પુરવઠા વિભાગના અધિકારીને પત્ર દ્વારા જણાવો કે તમારા વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં પાણી આપવામાં આવતું નથી.